મહીબીજ ઉત્સવમાં રબારી સમાજ દ્વારા લોકમાતા મહીસાગરને દૂગ્ધાભિષેક અને પૂજનની અનોખી પરંપરા



આણંદના વાસદ, વહેરા ખાડી અને વડોદરાના ફાજલપુર ખાતે મહા સુદ બીજના પવિત્ર અવસરે મહી બીજ ઉત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રબારી અને ગોપાલક સમાજના શ્રદ્ધાળુઓએ પોતાની કુલવર્ધિનિ મહી નદીને ગાયના દૂધથી અભિષેક કરી અંજલિ અર્પી હતી. લોકવાયકા મુજબ, મહી અને સાગર દેવના લગ્ન પ્રસંગે એક ગોપાલકે મહીનું કન્યાદાન કર્યું હોવાની શ્રદ્ધા સાથે આ પરંપરા સદીઓથી જીવંત છે. આ દિવસે ગોપાલક સમાજના લોકો ગાયના દૂધનું વેચાણ કરતા નથી અને મહી નદીમાં સ્નાન-પૂજન કર્યા બાદ નદીનું પવિત્ર જળ ઘરે લઈ જઈ પશુધન અને સંપત્તિ પર છાંટી આશીર્વાદ મેળવે છે. આ ઉત્સવ આધુનિક યુગમાં પણ પ્રકૃતિ પૂજન અને કુદરતી સંપદાના સંરક્ષણના સંકલ્પનો સુંદર સમન્વય દર્શાવે છે.

ખોટી રીતે નામ દાખલ કર્યું હોય તેવા નામ કમી કરવા કાર્યવાહી

આણંદની મતદાર યાદીમાં 62453 નામ કમી કરવા માટે ફોર્મ ભરાયાં

18 જાન્યુઆરી સુધીમાં કુલ નામ ઉમેરવા તેમજ કમી કરવા માટે નિયત નમૂનામાં ફોર્મ ભરાયાં

(પ્રતિનિધિ) આણંદ તા 20

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) 27મી, ઓક્ટોબર 2025થી શરૂ કરવામાં હતી. SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ ગત 19મી, ડિસેમ્બર 2025ના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. ત્યારબાદ 18મી, જાન્યુઆરી 2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સંબંધી જે કંઈ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ માટે તે રજૂ કરવા માટે ચુંટણી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાને આખરી મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે 19 ડિસેમ્બર થી 18 જાન્યુઆરી સુધીમાં કુલ નામ ઉમેરવા તેમજ કમી કરવા માટે નિયત નમૂનામાં ફોર્મ ભરાયાં છે . જે-તે વિધાનસભા મતવિસ્તારમાંથી નામ કમી કરવા માટે કુલ 62453 ફોર્મ 7 મળ્યા છે. જયારે નામ ઉમેરવા માટે ફોર્મ 6 મુજબ માટે કુલ 18636 ફોર્મ ભરાયાં છે. ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

એસઆઈઆરની કામગીરી અંતર્ગત જે લોકોને કોઈ કારણસર ફોર્મ ભરી શક્યા નથી.તેવા તમામ લોકોને નોટીસ ફટકારીને તેઓને સંબંધિત તાલુકા મથકે બોલાવીને જરૂરી પુરાવા સાથે નામ દાખલ કરવાની કામગીરી ચાલી રહી છે. સાથે સાથે મતદાર યાદીમાં નામ હોય તેની સામે કોઈ વાંધો હોય કે ખોટી રીતે નામ દાખલ કર્યું હોય તેવા નામ કમી કરવાની કામગીરી ચાલી રહી છે. જે માટે ફોર્મ 7 ભરીને જે તે વ્યકિત સહિત તેના પરિવારના સભ્યો તેમજ ત્રાહીત ત્રીજી વ્યકિત અરજી કરી શકે છે. જેથી જીલ્લામાં દરેક વિધાનસભા વિસ્તારમાં મતદારોના નામ કમી કરવા માટે ફોર્મ 7 ભરીને મોટાપ્રમાણમાં અરજીઓ કરાઈ હોવાની ચર્ચાઓ ચાલી છે. જેને લઈને રાજકીય પક્ષોમાં દોડધામ ચાલી રહી છે. કેટલાંક મથકો એક જ વિસ્તારના લોકોના નામ કમી કરવાની અરજીઓ વધુ મળી છે. જેને લઈને રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. વિધાનસભામાં એસઆઈઆરની કામગીરી અંતિમ તબક્કામાં છે. ત્યારે નો મેપીંગ થયેલા મતદારો મોટા પ્રમાણમાં નોંધાયા હતા. ત્યારે કેટલાંક બુથ મથકો પરથી ફોર્મ 7 અરજીઓ ત્રાહીત વ્યકિત એટલે રાજકીય પક્ષના બુથ લેવલના કાર્યકરો એટલે કે બીએલએ દ્વારા અરજી કરવામાં આવી છે.જેમાં કોઈ ચોક્કસ મતો જે સામેના પક્ષે પડતાં હોય તેવા મતદારોના નામ કમી કરવા માટે ફોર્મ 7 ભરીને નામ કમી કરવા માટે પ્રયાસ થઈ રહ્યાં હોવાની ચર્ચાઓ ઉઠી છે.

દરેક વિધાનસભા વિસ્તારમાં મોટી સંખ્યામાં નામ કમી ફોર્મ ભરાયાં હોવાથી રાજકીય પક્ષોના નેતાઓમાં દોડધામ મચી ગઈ છે. કોઈ સાચા મતદારોના નામ નીકળી ના જાય તે માટે પ્રયાસ હાથ ધરવામાં આવ્યાં છે. ફોર્મ 7 કોઈ પણ ત્રાહિત વ્યક્તિ ભરી શકતી હોવાથી જોખમ ફોર્મ 7 નો ઉપયોગ મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવા માટે થાય છે.આ ફોર્મ દ્વારા કોઈ પણ મતદારનું નામ દૂર કરવા માટે પુરાવા રજૂ કરવાથી નીકળી જાય છે.

ફોર્મ 7 કોણે ભરવાનું હોય કે જે કિસ્સામાં મતદારનું મૃત્યુ થયું હોય, મતદાર કાયમી રીતે અન્ય જગ્યાએ ખસેડાયો હોય,એક વ્યક્તિનું નામ બે જગ્યાએ નોંધાયેલું હોય ,મતદાર નાગરિક ન હોવાનો આરોપ (વિશેષ કરીને વિવાદાસ્પદ મુદ્દો) , ખોટી અથવા અસ્તિત્વમાં ન હોય તેવી એન્ટ્રી હોવાનું કહેવાય છે. પરંતુ મુખ્ય વિવાદ અહીંથી ઊભો થાય છે કોઈ ત્રીજી વ્યક્તિ પણ ફોર્મ 7 ભરી શકે છે, એ જ સૌથી મોટું જોખમ છે, ઘણી વાર મતદારને પૂર્વ સૂચના આપવામાં આવતી નથી. જેને લઈને નામ બારોબાર કમી થઈ શકે છે.

અલબત્ત, ફોર્મ નં.7 ભરવાને લઈ કેટલાક વિવાદ સર્જાયાં છે. પરંતુ તંત્ર નિયમ મુજબ કાર્યવાહી કરી રહ્યું છે.

ડ્રાફ્ટ યાદી બાદ મળેલા ફોર્મ

વિધાનસભા	ફોર્મ-6	ફોર્મ 6-A	ફોર્મ-7
ખંભાત	2537	0	10144
બોરસદ	3218	0	10753
આંકલાવ	1675	0	4321
ઉમરેઠ	2915	0	7867
આણંદ	4298	1	15213
પેટલાદ	1944	0	11356
સોજીત્રા	2049	0	2799
કુલ	**18636**	**1**	**62453**

પેટલાદના અગાસ ગામના ગુમ યુવકનો મૃતદેહ વાવમાંથી મળ્યો

મોબાઇલ લોકેશન આધારે તપાસ કરતાં પંડોળીની વાવ સુધી પોલીસ પહોંચી

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

(પ્રતિનિધિ) પેટલાદ તા.20

પેટલાદના અગાસ ગામમાં રહેતા યુવકનો મૃતદેહ મંગળવારના રોજ પંડોળી ગામની વાવમાંથી મળતાં ચકચાર મચી ગઈ હતી.

પેટલાદના પંડોળી ગામની વાવમાં મંગળવાર સવારે 9 વાગ્યાના સુમારે એક લાશ તરતી હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવની જાણ પેટલાદ રૂરલ પોલીસને થતાં તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. જ્યાં પોલીસે સ્થાનિક લોકોના સહયોગથી લાશને બહાર કાઢતા તે આશરે 25થી 30 વર્ષના યુવકની હોવાનું માલુમ પડ્યું હતું. બાદમાં લાશને પોસ્ટ મોર્ટમ માટે સિવીલ હોસ્પિટલ પેટલાદ ખાતે લઈ જવાઈ હતી. આ યુવકની ઓળખ માટે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં મૃતક યુવક અગાસનો રહેવાસી હોવાનું ખુલ્યું હતું.

પેટલાદ ગ્રામ્ય પોલીસના સૂત્રોના જણાવ્યાનુસાર, અગાસ ગામમાં રહેતા કલ્પેશ ઉર્ફે સંજય ઠાકોર છેલ્લા કેટલાક સમયથી માનસિક અસ્થિર હતો. જે બે દિવસ પહેલા ઘરેથી તેના પિતાનો મોબાઈલ લઈને નિકળી ગયો હતો. જેના લોકેશન આધારે તપાસ ચાલુ હતી. આ દરમિયાન તેનો મૃતદેહ પંડોળી ગામની વાવમાંથી મળ્યો છે. આ અંગે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદમાં દર મંગળવારે 'પ્રાકૃતિક ખેતી ઉત્પાદન વેચાણ કેન્દ્ર' ભરાશે

(પ્રતિનિધિ) આણંદ તા.20

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આણંદના આત્મા પ્રોજેક્ટ દ્વારા જિલ્લાના ખેડૂતો અને ગ્રાહકોના હિતમાં એક પ્રશંસનીય નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંતર્ગત આણંદના બોરસદ ચોકડી પાસે આવેલા ATIC બિલ્ડીંગ ખાતે દર મંગળવારે 'પ્રાકૃતિક ખેતી ઉત્પાદન વેચાણ કેન્દ્ર'નું આયોજન કરાયું છે.

આ વિશેષ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરી ગ્રાહકોને રસાયણમુક્ત, તાજા અને શુદ્ધ શાકભાજી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનો છે. આ સાથે જ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના પાકનું યોગ્ય વળતર મળી રહે તે માટે 'ખેડૂતથી સીધું ગ્રાહક સુધી' પહોંચાડવાનો સહિયારો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત 20મીથી અભિયાન વેગવંતુ બનશે, જેમાં દર મંગળવારે બપોરે 3થી સાંજના 6-30 કલાક દરમિયાન લોકો સીધી ખરીદી કરી શકશે. રાસાયણિક ખેતીના વિકલ્પ તરીકે હવે પ્રાકૃતિક ખેતીની પેદાશો પ્રત્યે જનજાગૃતિ વધી રહી છે ત્યારે આ કેન્દ્ર આશીર્વાદરૂપ સાબિત થશે. પર્યાવરણની જાળવણીને પ્રાધાન્ય આપતા આ કેન્દ્ર પર ખેડૂતો દ્વારા પ્લાસ્ટિકની થેલીઓ આપવામાં આવશે નહીં. આથી, વહીવટી તંત્ર દ્વારા ગ્રાહકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાની સાથે ઘરેથી કાપડની થેલી લઈને આવે. આણંદના નગરજનોને આ તકનો મહત્તમ લાભ લેવા અને પ્રાકૃતિક ખેતીના આ મહત્વપૂર્ણ અભિયાનમાં સહભાગી થઈ ખેડૂતોને પ્રોત્સાહિત કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

બાલાસિનોરમાં લાયન્સ ક્લબના મેગા મેડિકલ કેમ્પમાં વિક્રમજનક 511 દર્દીએ લાભ લીધો

બાલાસિનોર | બાલાસિનોર લાયન્સ ક્લબ અને પારુલ સેવાશ્રમ હોસ્પિટલ દ્વારા બખલીવાળા વિદ્યામંદિર ખાતે યોજાયેલ મેગા મેડિકલ કેમ્પમાં વિવિધ રોગોના નિષ્ણાત ડોક્ટરોએ સેવા આપી હતી. આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી તેમને વિનામૂલ્યે દવાઓ, ઈસીજી અને પેપ સ્મિયર ટેસ્ટ જેવી જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. વધુ સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓને પારુલ સેવાશ્રમ હોસ્પિટલ ખાતે લઈ જવાની વ્યવસ્થા સાથે કુલ 511 દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. લાયન્સ ક્લબના પ્રમુખ દક્ષાબેન પાઠક, અન્ય હોદ્દેદારો અને શાળા પરિવારના સહયોગથી આ સેવાકીય કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આણંદ ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

આણંદ | ચરોતર મોટી સત્તાવીસ લેઉવા પાટીદાર સમાજ આણંદ ઘટકનો સ્નેહમિલન સમારોહ તથા તેજસ્વી તારલાઓનો શૈક્ષણિક ઇનામ સમારોહ જ્ઞાનયજ્ઞ ટ્રસ્ટના મુખ્ય દાતા કનુભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે માતૃસંસ્થાના પ્રમુખ કિરણભાઈ પટેલ, ઉપપ્રમુખ નવનીતભાઈ પટેલ,દાતા પરિવારના સભ્યો કુમુદબેન અને રીતેશભાઈ, કાર્યક્રમના દાતા કોકીલાબેન પટેલ, માતૃસંસ્થાના સહમંત્રી ધીરુભાઈ પટેલ,ઘટકના પ્રમુખ ચિરાગભાઈ અને મંત્રી અશ્વિનભાઈ પટેલ સહિત ઘટકના હોદ્દેદારો અને કારોબારી સભ્યો તેમજ ઘટકના આજીવન સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના હસ્તે ઘટકના તેજસ્વી તારલાઓને ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

બેંક ઓફ ઈન્ડિયાની અને ટ્રિનિટી હોસ્પિટલ દ્વારા સ્ટાફ માટે ફ્રી હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

આણંદ | બેંક ઓફ ઈન્ડિયાની વડોદરા ઝોનલ ઓફિસ અને ટ્રિનિટી હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે સ્ટાફ અને તેમના પરિવારો માટે મફત આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઝોનલ મેનેજર હનવંત કુમાર ઠાકુરની અધ્યક્ષતામાં યોજાયેલા આ કેમ્પમાં તબીબો દ્વારા બ્લડ સુગર અને બ્લડ પ્રેશર ટેસ્ટિંગ જેવી નૈદાનિક સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતી. આ શિબિરમાં નિષ્ણાત તબીબોએ ઉપસ્થિતોને તંદુરસ્ત જીવનશૈલી જાળવવા અને વિવિધ રોગોના નિવારણ અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમના અંતે ડેપ્યુટી ઝોનલ હેડ નદીમ રિયાઝ અન્સારીએ આભારવિધિ કરી હતી.

આણંદની અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન

આણંદ | અમૂલ્ય સિનિયર સિટીઝન ક્લબ દ્વારા આયોજિત જી.એન. ભાવસાર મ્યુઝિકલ ગ્રુપના 196માં કાર્યક્રમમાં નડિયાદના ગાયિકા રેખાબેન ડાભીએ પોતાની ગાયકીથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શૈલેષભાઈ શાહ (હરિહર બુક ડેપો)ના સૌજન્યથી યોજાયેલા આ પ્રસંગે પ્રમુખ જયંતીભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું અને નરેન્દ્રભાઈ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન 'વોઇસ ઓફ મુકેશ' જી.એન. ભાવસાર અને રેખાબેન ડાભીનું ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ક્લબ દ્વારા સભ્યોના મનોરંજન અને જ્ઞાનવર્ધન માટે અવારનવાર આવા વિવિધ વ્યાખ્યાનો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવે છે.

આણંદ લો કોલેજ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા 'રાષ્ટ્રીય યુવા દિવસ'ની ઉજવણી

આણંદ | પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ આણંદ દ્વારા આણંદ લો કોલેજમાં રાષ્ટ્રીય યુવા દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીકે પૂજાબેને યુવાનોને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવા તેમજ સ્વસ્થ જીવનશૈલી અપનાવવા અંગે સચોટ માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નાની આદતોમાં સુધારો કરી વ્યક્તિત્વ વિકાસ સાધવા અને જીવનમાં મેડિટેશનના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ યુવાનોને મેડિટેશનનો પ્રાયોગિક અનુભવ કરાવી સકારાત્મક માનસિક વિકાસની પ્રેરણા આપવામાં આવી હતી.

વડોદરાના ચાર ગામ વિસા ખડાયતા વણિક પ્રગતિ ટ્રસ્ટ દ્વારા ચાણસદ ખાતે પિકનિક યોજાઇ

આણંદ | ચાર ગામ વિસા ખડાયતા વણિક પ્રગતિ ટ્રસ્ટ, વડોદરા દ્વારા સતત ત્રીજા વર્ષે ચાણસદના અક્ષર ફાર્મ એન્ડ એડવેન્ચર પાર્ક ખાતે વન ડે પિકનિકનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પિકનિકમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો અને વડીલોએ ઉત્સાહભેર ભાગ લઈ મનોરંજન અને મોજ-મસ્તીનો આનંદ માણ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ, મંત્રી અને યુવા કારોબારી ટીમની જહેમતથી આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

મહીસાગરના માર્ગ અકસ્માતો અટકાવવા વાહનો પર 'રેડિયમ રિફ્લેક્ટર' લગાડવાની ઝુંબેશ

સંતરામપુર | 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ' ની ઉજવણીના ભાગરૂપે મહીસાગર ARTO કચેરી દ્વારા અકસ્માતો નિવારવા અને જનજાગૃતિ લાવવા માટે નવતર અભિગમ સાથે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ ઝુંબેશ અંતર્ગત M.V.I. એમ. એમ. પરમાર દ્વારા જિલ્લાના વિવિધ માર્ગો પર પસાર થતા ટ્રેક્ટર, ટ્રેલર તથા અન્ય ભારે વાહનો પર 'રેડિયમ રિફ્લેક્ટર' લગાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. રાત્રિના સમયે દ્રશ્યતાના અભાવે થતા પાછળથી અથડામણના (Rear-end) અકસ્માતો અટકાવવા અને કિંમતી માનવ જિંદગીઓ બચાવવાના ઉદ્દેશ્યથી આ ઉચ્ચ ગુણવત્તાયુક્ત રિફ્લેક્ટર લગાવવામાં આવ્યા છે.

આણંદ કૃષિ યુનિ. ખાતે મહિલા સ્વાસ્થ્ય અને જાતિગત સંવેદનશીલતા પર સેમિનાર યોજાયો

આણંદ | આણંદ કૃષિ યુનિવર્સિટી અને જેન્ડર રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે કુલપતિ ડો. કે.બી. કથીરીયાના અધ્યક્ષસ્થાને સુરક્ષિત વાતાવરણ અને મહિલા ઉત્થાનના ઉદ્દેશ્ય સાથે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં નિષ્ણાતો દ્વારા કાર્યસ્થળ પર મહિલાઓની જાતીય સતામણી નિવારણ કાયદો, આંતરિક ફરિયાદ સમિતિની રચના તેમજ સ્ત્રીઓના પોષણ અને સ્વાસ્થ્યના ચાર સ્તંભો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું હતું. ડો. એમ.કે. ઝાલા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સહભાગી અધિકારીઓ અને કર્મચારીઓને પ્રોત્સાહનરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

ગળતેશ્વરના કુણી ગામે રામદેવપીર મંદિરે મહાબીજની ભવ્ય ઉજવણી કરવામાં આવી

ગળતેશ્વર | ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના કુણી ગામમાં સમગ્ર સમાજ દ્વારા રામદેવપીર મહારાજની મહાબીજની ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા સાત વર્ષથી યોજાતા આ પ્રસંગે ગામમાં ડીજેના તાલે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી, જેનો મહિમા દર વર્ષે સતત વધી રહ્યો છે. આ ઉત્સવમાં મેનપુરા, સેવનીયા, હળમતિયા અને વાળીનાથ જેવા આજુબાજુના ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા. ગામના યુવાનો અને આગેવાનો દ્વારા આયોજિત આ પ્રસંગે સાંજે ભંડારાનું આયોજન કરાયું હતું, જેમાં તમામ ભક્તોએ પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

કપડવંજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર પર 'પિતાશ્રી' બ્રહ્મા બાબાનો પુણ્ય- સ્મૃતિ દિવસ ઉજવાયો

કપડવંજ | કપડવંજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર પર 'પિતાશ્રી' બ્રહ્મા બાબાનો પુણ્ય- સ્મૃતિ દિવસ ઉજવાયો હતો. બ્રહ્માકુમારી માલાબહેને જણાવ્યું હતું કે, 'પિતાશ્રી' બ્રહ્મા બાબા નિરાકારી, નિરઅહંકારી અને નિર્વિકારી આ ત્રણ મુખ્ય મંત્ર પર જ તેમનું જીવન હતું. એક દિવ્ય મહાપુરુષ જ્ઞાનપ્રકાશ ફેલાવવા તેમજ સુખ અને શાંતિનું સામ્રાજ્ય સ્થાપન કરવા માટે આ સૃષ્ટિ પર અવતારિત થાય છે. પ્રેમ, ભાઈ ચારો, એકતા અને સદભાવના એ તેમનો મુખ્ય સંદેશ હતો.

આણંદના સહજાનંદ સ્મૃતિ મંદિરના પાટોત્સવ નિમિત્તે શ્રીમદ ભાગવત સપ્તાહ યોજાશે

આણંદ | આણંદના ઐતિહાસિક શીખોળ તળાવ કિનારે આવેલા પ્રસાદીભૂત સહજાનંદ સ્મૃતિ મંદિરના પાટોત્સવ નિમિત્તે આગામી 22મી જાન્યુઆરીથી 28મી જાન્યુઆરી, 2026 દરમિયાન રોકડિયા હનુમાનજી મંદિર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન સ્વામિનારાયણ નંદ સંતો અને કાઠી ભક્તો સાથે સંવત 1878ના જેઠ સુદ 6ના રોજ શીખોળ તળાવના કિનારે પધાર્યા હતા અને ત્યાંથી રોકડિયા હનુમાનજી મંદિરે વિચરણ કર્યું હતું. આ પવિત્ર સ્મૃતિને તાજી કરવા માટે આ પાટોત્સવનું આયોજન કરાયું છે. મંદિરના મહંત ભક્તવત્સલ દાસજી સ્વામીના વક્તાપદે આ પારાયણ યોજાશે. આ કાર્યક્રમની શરૂઆત 21મી જાન્યુઆરીના રોજ બપોરે 4-00 કલાકે વેરાઈ માતા (યજમાનના નિવાસસ્થાન)થી નીકળતી ભવ્ય પોથીયાત્રાથી થશે. જે રોકડિયા હનુમાનજી મંદિરે વિરામ લેશે. તે જ રાત્રે ૮:૩૦ કલાકે ભજન સંધ્યાનું પણ આયોજન છે. કથાનો સમય દરરોજ બપોરે 3:30 થી ૬:30 અને રાત્રે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાકનો રહેશે. તેમ મંદિરના વહીવટકર્તા હરિકૃષ્ણભાઈ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા તમામ ભક્તોને પરિવાર સાથે આ ધાર્મિક પ્રસંગમાં પધારવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.